જા.નં.-મા-૧/વિ.લ.બો./૨૦૨૦/ ૯૪૪૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩ જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૦૩/૧૦/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ તરફ

વિષય: ધો.-૯ માં પ્રવેશ મેળવતી કન્યાઓને રૂા. ૨૦૦૦/- ની કિંમતનાં વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા બાબત. (વર્ષ-૨૦૨૦-૨૧)

સંદર્ભ: મે.ના.શિ.નિયામકશ્રી, કમિ.શ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:ઘ-૨/માધ્ય/વિ.બોન્ડ/૨૦૨૦-૨૧/ ૧૮૧૯૦-૨૨૪ તા.૩૦/૦૯/૨૦૨૦

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ધો.૯ પ્રવેશ મેળવતી કન્યાઓને રૂા. ૨૦૦૦/- ની કિંમતના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા અંગેની યોજના ના અમલીકરણ કરવા અંગે તા.૧૬/૦૫/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક: બમસ/૨૦૧૨/૨૪૦/ગ ની જોગવાઈ **મુજબ સમગ્ર રાજ્યમાં ૩૫% થી નીચે સ્ત્રી સાક્ષરતા ધરાવતા ગામોની તેમજ ગરીબી રેખા હેઠળની આવક જુથમાં આવતા ધો.૯ માં જૂન-૨૦૨૦ થી નવા પ્રવેશ મેળવતી કન્યાઓને આ યોજનાનો લાભ આપવાનો થાય છે.** ઉક્ત યોજના અંતર્ગત આપની શાળામાં ચાલુ સત્રથી ધો.૯ માં પ્રવેશ મેળવનાર ૩૫%થી નીચે સ્ત્રી સાક્ષરતા ધરાવતા ગામોની તેમજ ગરીબી રેખા હેઠળની આવક જુથમાં આવતી(બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કન્યાઓની દરખાસ્ત આ સાથે સામેલ પત્રકમાં **(MICROSOFT EXCEL,FONT-ARIAL,FONT SIZE-10)** તૈયાર કરી જરૂરી આધાર પુરાવા સાથે **(ધો.-૮ પાસ માર્કશીટ, બી.પી.એલ.કાર્ડની નકલ, એલ.સી. નકલ, બેંક પાસબુકની નકલ, પ્રમાણ પત્ર)** તમામ લાભાર્થીઓની ચકાસણી કરી, નિયત નમુનાનૂં પ્રમાણપત્ર સહિત જાણકાર કર્મચારી સાથે **તા.૦૮/૧૦/૨૦૨૦** સુધીમાં કચેરી સમય દરમિયાન આ કચેરીમાં **હાર્ડકોપી તથા સોફ્ટકોપી** (સી.ડી./ડી.વી.ડી.)માં રૂબરૂ મા-૧ શાખામાં રજૂ કરવા જણાવવામાં આવે છે. જેથી આપના દ્વારા મળેલ લાભાર્થીઓની યાદી મે. કમિશનરશ્રી, મ.ભો. અને શાળાઓની કચેરી, ગાંધીનગરને રજૂ કરી, જરૂર મુજબની ગ્રાંટ મેળવી લાભાર્થીને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની કાર્યવાહી કરી શકાય.

આપના દ્વારા સમયસર આ સાથે સામેલ રાખેલ પત્રક અને પ્રમાણપત્ર મુજબની દરખાસ્ત આ કચેરીને મળશે નહીં તો આપની શાળાની માહિતિ શૂન્ય છે એમ માની લેવામાં આવશે.

આપની શાળામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા પાત્ર હોય તેવી લાભાર્થી કન્યાઓના નામ યાદીમાં બાકી ન રહી જાય તેની ખાસ તકેદારી રાખવી. આવા લાભાર્થીઓનાં નામ બાકી રહેશે અંથવા આપની શાળામાં આવા લાભાર્થીઓ હોય અને આપની ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી આપની રહેશે જેની ખાસ નોંધ લેવી.

ટુંકમાં, **આપની મા.શાળામાં ૩૫% થી નીચે સ્ત્રી સાક્ષરતા ધરાવતા ગામોની તેમજ ગરીબી રેખા હેઠળની આવક જુથમાં આવતા** તેમજ બી.પી.એલ. કાર્ડ ધરાવતા ધો.૯ માં **જૂન-૨૦૨૦ થી** નવીન પ્રવેશ મેળવેલ હોય તેવી **કન્યાઓને રૂ.૨૦૦૦/- ના** વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની દરખાસ્ત આ કચેરીમાં તા.૦૮/૧૦/૨૦૨૦ સુધીમાં રજૂ કરવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ: દરખાસ્ત પત્રક - A

**નકલ રવાના:**

- વહીવટી અધિકારીશ્રીઓ
- શાળા વિકાસ સંકુલ ૧ થી ૧૪ આ કચેરી
- ૨/- જાણ તથા આપના સંકુલમાં આવેલ શાળાઓમાં વર્ષ ૨૦૨૦-૨૧ માં **૩૫% થી નીચે સ્ત્રી સાક્ષરતા ધરાવતા ગામોની તેમજ ગરીબી રેખા હેઠળની આવક જુથમાં આવતા ધોરણ-૯ માં જૂન-૨૦૨૦ થી પ્રવેશ મેળવતી કન્યાઓને** વિદ્યાલક્ષ્મી બોન્ડનો લાભ મળવા પાત્ર થાય છે તે અંગેની દરખાસ્ત શાળાઓ પાસે તૈયાર કરાવી **આ કચેરીમાં તા.૦૮/૧૦/૨૦૨૦ નાં રોજ રજૂ કરે** તેવી કાર્યવાહી કરાવી.
- ૩/- આપના સંકુલમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા પાત્ર હોય તેવા લાભાર્થી કન્યાઓને ઉક્ત યોજનાનો લાભ મળવાપાત્ર હોય અને તેઓની દરખાસ્ત સમયસર આ કચેરીને મળશે નહી તો આપના સંકુલની માહિતી શૂન્ય છે એમ માની લેવામાં આવશે. આ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી આપની રહેશે.

# PATRAK-A

## Vidyalaxmi Bond -2020-21

**School Name/Adress:**

| Sr. | GR No. | Full Name of Student | Father's/ Mother's Name | Full Address | Taluka | School Name | Date of birth | BPL Card No. | Aadhar Card No. | Name Of Bank | Branch Name | A/C No. | IFSC Code | Note |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | | 12 | 13 | 14 |
| 1 | | | | | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | | | | | |

<u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ઉપરની યાદી ૩૫% થી ઓછી સ્ત્રી સાક્ષરતાવાળા ગામોની તેમજ બી.પી.એલ. ધરાવતાં ગામોની તેમજ બી.પી.એલ. કાર્ડ ધરાવતા કુટુંબોની કન્યાઓએ જૂન-૨૦૨૦ માં નવીન પ્રવેશ મેળવેલ છે. તેવી જ કન્યાઓની આ યાદી રજૂ કરેલ છે.

આચાર્યના સહી/સિક્કા